ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૩૪ ટકા

# આજે આંતરરાષ્ટ્રીય જૈવ-વિવિધતા દિવસ

## ગ્લોબલ વોર્મિંગનાં કારણે પર્યાવરણમાં વિશેષ પરિવર્તન : ગુજરાતમાં ૧૬થી વધુ વૃક્ષો, વેલાઓ, વનસ્પતિઓની પ્રજાતિ ખતરામાં છે જ્યારે ૮ થી વધુ પ્રાણી, પક્ષીઓ અને દરિયાઈ જીવો ખતરામાં છે.






ગાંધીનગર, તા.૨૧
"આંતરરાષ્ટ્રીય જૈવ-વિવિધતા દિવસ" નિમિત્તે પ્રકૃતિ પ્રેમી સમાજ ને શુભેચ્છાઓ.દર વર્ષે ૨૨ મે નાં રોજ વિશ્વભરમાં ‘‘આંતરરાષ્ટ્રીય જૈવ-વિવિધતા દિવસ’’ મનાવવામાં આવે છે.

આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય જૈવ-વિવિધતા અંગે લોકોને જાગૃત કરવાનો છે. તેમજ ઈકોસિસ્ટમ સ્તરે જૈવિક વિવિધતાને જાળવી રાખવાનો છે. ખાસ કરીને વર્તમાન સમયમાં તેનું મહત્વ વધ્યું છે, કારણ કે કોરોનાનાં સમયગાળામાં ઓક્સિજનની અછત એ લોકોનું ધ્યાન પર્યાવરણ સંરક્ષણ તરફ દોર્યું છે.

જયારે ચોમાસાનું આગમન નજીક છે ત્યારે આ સમય વૃક્ષો વાવવા માટે ઉત્તમ છે. જો એક વ્યક્તિ એક વૃક્ષ વાવવાનું, તેનું જતન કરવાનું નક્કી કરે તો હજ્જારો વૃક્ષોનાં વાવેતર દ્વારા અખૂટ પ્રાણવાયુનું ઉત્પાદન શક્ય બની શકે છે.

પીપળો, વડ, લીમડો, કરંજ, ખાટી આંબલી, દેશી આસોપાલવ, ગરમાળો, શીમળો, સેવન, મહુડો, શીસમ, સીતા અશોક, અર્જુન, તુરા આંબરા, પારીજાત, વસંત, પારસ પીપળો, કદમ, બિલ્લી, સોપારી, ફણસ, રગતરોહીડો, રૂખડો વગેરે જેવા વૃક્ષો ગામમાં વાવી શકાય છે. ચકલી જેવા પક્ષીઓ માટે વૃક્ષ ઉંબરો, સેતુર, બદામ, મીઠી આંબલી, ફાલસા, રાયણ, ખીજડો, દેશી બાવળ, લીચી, અંજીર, ઉંબરી, ગુંદી, ગુંદો, જામફળ, જાંબુ, ચિકુ, દાળમ, પિપડી, પીલુ ખારા મીઠા, દેશી આંબો વગેરેનાં વાવેતરથી કુદરતનાં ફળ સમા પક્ષીઓનું પણ જતન કરી શકાય છે.

આધુનિક સમયમાં જૈવ-વિવિધતાનાં વિષય પર ધ્યાન આપવાની જરૂર છે. ગ્લોબલ વોર્મિંગનાં કારણે પર્યાવરણમાં વિશેષ પરિવર્તન આવ્યું છે. આ માટે પર્યાવરણ સંરક્ષણ પર ભાર મુકાયો છે. વર્તમાન સમયમાં છોડ અને પ્રાણીઓની ઘણી જાતો લુપ્ત થઈ ગયેલી જોવા મળી છે. પર્યાવરણીય સંતુલન માટે પ્રાણીઓનું સંરક્ષણ પણ જરૂરી છે. કુદરતી સંસાધનોનું વિચારવિહીન શોષણ, જેમ કે ગોચરની જમીન પર કબજો કરવો, બળતણ માટે જંગલો કાપવા, પાણીના સ્ત્રોતોનો બગાડ કે તેનો જરૂરીયાત કરતા વધુ ઉપયોગ કરવો અને જંતુનાશકોનો ઉપયોગ જૈવિક વિવિધતાનાં નુકશાનમાં ફાળો આપે છે.વૃક્ષ એટલે ઓકિસજનનું નિઃશુલ્ક કારખાનું.

ગુજરાત માંથી ૨૪ થી વધારે જીવ સૃષ્ટિ ની પ્રજાતિ લુપ્ત થવા ના આરે છે.શું આવનારી પેઢી ગ્રેટ ઈન્ડિયન બસ્ટરડ, ખડમોર જેવા પક્ષીઓ જોઈ શકશે?શું ઊડતી ખિસકોલી, મળતાવડી ટીટોડી આવનારી પેઢી ને જોવા મળશે?સફેદ ખાખરો, સિમુલ, દૂધ કુડી, કુકર, દુદલા જેવા વૃક્ષો અને મીઠો ગૂગળ, કાયારીવેલ, પલાસ વેલ, માર્ચ પાંડો જેવી વનસ્પતિઓ ગુજરાતમાં જોવા મળશે ખરી?

ગુજરાત બાયોડાઈવર્સિટી બોર્ડ મુજબ ગુજરાતમાં ૧૬ થી વધુ વૃક્ષો, વેલાઓ, વનસ્પતિઓની પ્રજાતિ ખતરામાં છે જ્યારે ૮ થી વધુ પ્રાણી, પક્ષીઓ અને દરિયાઈ જીવો ખતરામાં છે.

જટાયુ ની વાત આપણે રામાયણમાં સાંભળી હતી, પણ શું એ ગીધ પરિવાર ગુજરાત માંથી નામ શેષ થઈ જશે? શું આવનારા સમયમાં પલાશ વેલ, મીઠો ગૂગળ જોવા નહિ મળે? શું સફેદ ખાખરો, દૂદલા, કુકર, દૂધ કૂડી જેવા વૃક્ષો નામ શેષ થઈ જશે?

### ગુજરાતમાંથી વિલુપ્ત થતી કેટલીક પ્રજાતિઓ

- ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ પક્ષી
- ખડમોર પક્ષી
- મળતાવડી ટીટોડી પક્ષી
- ખેરો (ઈજિપ્તીયન ગીધ) પક્ષી
- ઈન્ડિયન વલચર (ગીધ) પક્ષી
- સુડિયો પક્ષી
- કાળી ડોક પક્ષી
- જળ બિલાડી
- ઊડતી ખિસકોલી
- બાર્કિંગ ડિયર કાકર
- સીમુલ વૃક્ષ
- ઉરો વૃક્ષ
- સફેદ ખાખરો વૃક્ષ
- દૂધ કૂડી વૃક્ષ
- કુકર વૃક્ષ
- મીઠો ગૂગળ
- કાયારી વેલ
- પલાશ વેલ
- માર્ચ પાંડો વનસ્પતિ
- કાચિંડા - ગરોળીની એક પ્રજાતિ ચાચી
- વ્હાઈટ રમ્પડ વલચર ગીધ
- હોક્સ બિલ તર્ટલ કાચબો

## જન્મદિને વધામણી


નંદિની જીતેન્દ્ર પરમાર


યશ માંકડ


જયપ્રભાબેન બિપીનભાઈ ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨


નિસર્ગાબેન પી ત્રિવેદી
મો. ૯૯૯૮૧ ૯૦૯૯૮


લીરલબા જયેન્દ્રસિંહ વાઘેલા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
-સંપાદક

# જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્વ. રાજીવ ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે ફળોનું વિતરણ

ગાંધીનગર
ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વપ્રદ્રષ્ટા સ્વર્ગીય રાજીવ ગાંધી ની ૩૨ મી પુણ્યતિથિ નિમિત્તે સદ્દગતને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરવા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ તથા ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે કૈલાસધામ, પેથાપુર તથા ૧૧:૦૦ કલાકે મગોડી વૃદ્ધાશ્રમ ખાતે રહેતા માતાઓ અને વડીલોને ફળફળાદિના વિતરણ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું.



સદર કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરવિંદસિંહ સોલંકી શહેર પ્રમુખ શૈલેન્દ્રસિંહ બિહોલા, નિશિતભાઈ વ્યાસ , ગોપાલજી ઠાકોર, પ્રદીપસિંહ વાઘેલા, હેનિસ રાઠોડ સહીત જિલ્લા તથા શહેર કોંગ્રેસના આગેવાનો કાર્યકરો,ચૂંટાયેલ જનપ્રતિનિધિઓ, યુથ કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, NSUI, સેવાદળ તથા વિવિધ સેલ ડિપાર્ટમેન્ટના આગેવાનો ઉપસ્થિત

# ગ્રીન અને ક્લીન ગાંધીનગર અંતર્ગત ચિત્ર સ્પર્ધા

ગાંધીનગર, તા. ૨૧
તાજેતરમાં સેક્ટર-૨૪ ખાતે ગ્રીન અને ક્લીન ગાંધીનગર અંતર્ગત મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત, યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સહયોગથી સ્વચ્છતા વિષય પર ડ્રોઈંગ કોમ્પિટિશન ૨૦૨૩ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનનું સંપૂર્ણ સંકલન મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ રંગોથી પોતાની કલા તથા આવડત વડે પોતાની કૃતિ તૈયાર કરી હતી. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને મેડલ અને



સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ૫ થી ૧૦ વર્ષ : પ્રથમ વિજેતા વૈશ્વિ દેસાઈ, દ્વિતીય વિજેતા જશ્વિ મેવાડા, તૃતીય વિજેતા પાર્થ પાટિલ અને વિજયા શ્રી રહ્યા હતા.

૧૧ થી ૧૫ વર્ષ : પ્રથમ વિજેતા રાજવીરસિંહ સોલંકી, દ્વિતીય વિજેતા મકવાણા ઉષા અને ધ્રુવ પ્રજાપતિ, તૃતીય વિજેતા સૃજન ઓઝા રહ્યા હતા. ૧૬ થી ૨૦ વર્ષ : પ્રથમ વિજેતા આશિષ કાલમી રહ્યા હતા.

યુરોકિડ્સ પ્રી. સ્કૂલનાં સંચાલક પુનિત શર્મા અને આયોજક મિલાપ ટાટારિઆ ટાઈગરે દરેક સ્પર્ધકોને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

# શહેરમાં યોજાઈ નોખી-અનોખી શિબિર

## કડવા પાટીદાર બેતાલીસ સમાજ એકતા વિકાસમંચ અને ધરતી પરિવાર દ્વારા ૭૩મી ગૃહિણી તાલીમ શિબિરનું આયોજન : દિકરીઓ માટે ૩૦ જેટલા તજજ્ઞો દ્વારા વિવિધ વિષયો પર વક્તવ્યનું સૂચારૂ આયોજન : કુલ ૯૦ દિકરીઓ આ શિબિરમાં જોડાઈ છે

ગાંધીનગર, તા. ૨૧
શ્રી કડવા પાટીદાર બેતાલીસ સમાજ એકતા વિકાસ મંચ તથા ધરતી પરિવાર, મહેસાણા દ્વારા ૭૩મી ગૃહિણી તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેનું આયોજન કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેમ્પસ, સેક્ટર-૨૩ ખાતે કરવામાં આવ્યું છે. આ તાલીમમાં ૯૦ જેટલી દિકરીઓ જોડાઈ છે. આ દસ દિવસીય શિબિરમાં જે સ્કૂલ-કોલેજમાં ભણતા ભણતા શીખવા નથી મળ્યું તેનાથી વિશેષ જ્ઞાન આપવામાં આવી રહ્યું છે. તારીખ ૧૫ મે થી ૨૪ મે સુધી આ ગૃહિણી તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જીવન ઘડતરને લગતા વિવિધ વિષયો પર અલગ-અલગ તજજ્ઞો દ્વારા વક્તવ્ય આપવામાં આવી રહ્યું છે. ‘‘એમ કહેવાય છે કે ધરતીનો છેડો ઘર, ઘરનો વિસામો કુશળ, સુઘડ અને સમજદાર ગૃહિણી હોય છે.’’ હાલના સમયમાં સામાજીક વ્યવસ્થામાં થતા બદલાવો, વિભક્ત થતા જતા પરિવારો, વડીલોની ઉપેક્ષા જેવી સમસ્યાઓના ઉકેલ માટે લગ્ન બાદ આદર્શ ગૃહિણી બનવું ખૂબ જરૂરી છે. આ તાલીમ શિબિરમાં બહેનોને વ્યક્તિત્વ વિકાસ, નારી સુરક્ષા, રોજગાર, ગૃહ ઉદ્યોગ, હસ્તકલાઓ, સંવાદ કરવાની કળા, જાતિય રોગો, તંદુરસ્ત બાળઉછેર, મોબાઈલના અતિક્રમણ સામેના પડકારો, રસોઈ કૌશલ્ય, બ્યુટીપાર્લર, ભાગેડુ લગ્નની પરિવાર અને સમાજ ઉપર થતી આડ અસર, નારીની ગઈકાલ, આજ અને આવતીકાલ, ભૂસાતા જતા સંસ્કારો, કુરિવાજોની ઓળખ અને તેને દૂર કરવાના ઉપાયો જેવી બાબતો ઉપર તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે. આ ઉપરાંત મેડિકલ ચેકઅપ તથા ગાંધીનગર શહેરના જોવાલાયક સ્થળ જેવા કે વિધાનસભા, અક્ષરધામ, મહાત્મા મંદિર, દાંડીકુટિર તેમજ સ્પોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયાની મુલાકાતનું આયોજન પણ કર્યુ છે. દિકરીઓ માટે રહેવા-જમવાની પણ ઉત્તમ વ્યવસ્થા કરાઈ છે. જ્યારે એક દીકરી એ પત્ની, ભાભી, નણંદ, માતા, સાસુ જેવા અનેક મહત્વની સામાજીક જવાબદારીઓ નિભાવવાની હોય ત્યારે તેને મનો વૈજ્ઞાનિક પદ્ધતિથી તાલીમ મળે તો દીકરી અને એના પરિવારનો બેડો પાર થઈ જાય છે. સમાજના કુરિવાજો અને દૂર કરવા બહેનોને જાગૃત કરવામાં આવી રહી છે. આ ગૃહિણી તાલીમ શિબિર દ્વારા દિકરીઓની સામાજીક સમરસતા, સહનશિલતા, ત્યાગની ભાવના, સમર્પણની ભાવાના ઉજાગર થાય છે. જીવનમાં વિકટ પરિસ્થિતિનો સામનો કરી શકશે તેમજ દિકરીઓનાં પરિવારને સુખી-સંપન્ન રાખવાનું ભાથું તેમજ સારા સંસ્કારોનું સિંચન થશે. આ દસ દિવસના ટૂંકા ગાળામાં તૈયાર થયેલ



આ ૯૦ દિકરીઓ જીવનમાં ચારેય દિશાઓથી વાકેફ થઈ સમાજમાં પોતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડી શકશે.

સમાજમાં વૈજ્ઞાનિક પરિવર્તન થતા, ભવિષ્યમાં બાળકોને સારા સંસ્કાર આપી શકે, જીવનમાં ક્યાંય પણ પાછી પાની ન કરે તે માટે દિકરીઓને આ તાલીમ અપાઈ રહી છે. શ્રી કડવા પાટીદાર બેતાલીસ સમાજ એકતા વિકાસ મંચ તથા ધરતી પરિવાર, મહેસાણાના સભ્યો સમાજની દિકરીઓ માટે ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે. જેમાં સર્વશ્રી પ્રહલાદભાઈ જે. પટેલ (શિબિર માર્ગદર્શક), રામભાઈ પટેલ (શિબિર સંચાલક), અંબાલાલ એમ. પટેલ (ધરતી પરિવાર, મહેસાણા પ્રમુખ), બિપીનભાઈ પી. પટેલ (મહામંત્રી) સહિત આયોજકોમાં સર્વ નરેન્દ્રભાઈ પટેલ, દશરથભાઈ પટેલ, ખોડાભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ, ચંદ્રકાન્તભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, ચિરાગભાઈ પટેલ, નિલેષભાઈ પટેલ, કનુભાઈ પટેલ, ઈન્દ્રવદનભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, દિલીપભાઈ પટેલ, રામભાઈ પટેલ, ડૉ. વિષ્ણુભાઈ પટેલ, રસિકભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ (અંબાસણ), હિતેન્દ્રભાઈ પટેલ, રાજેન્દ્રભાઈ પટેલ, કિરણભાઈ પટેલ, તારકભાઈ પટેલના સહયોગથી ૭૩મી ગૃહિણી શિબિર સફળતાપૂર્વક યોજાઈ રહી છે. આ શિબિરમાં દાતાશ્રીઓનો પણ ખૂબ સહયોગ રહ્યો છે.

### શિબિરના કેટલાક વિષયો અને વક્તા

| વિષય | વક્તા |
| --- | --- |
| સુખની શોધમાં | હસમુખ પટેલ, આઈપીએસ |
| આદર્શ પરિવારની સંકલ્પના | કમલેશ શાસ્ત્રી |
| બહેનોની ઉદ્યમિતા | ડૉ. શિવાની ત્રિવેદી |
| ભાગેડુ લગ્ન એટલે બરબાદી | મનુભાઈ ચોકસી |
| કિચનગાર્ડન યોજના | મૌલિકભાઈ, બાગાયત મદદનીશ |
| નિર્ભયતા એ જીવનનો શણગાર | વલ્લભભાઈ પટેલ, ચેરમેન, કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ |
| જીવન જીવંત રાખવાનું કૌશલ્ય | કૃષ્ણકાન્ત જહા, તંત્રી, ગાંધીનગર સમાચાર |
| Leading chanse | સતિષ પટેલ, આઈપીએસ |




‘‘આ ગૃહિણી તાલીમ મારા માટે એક ટ્રેનિંગ છે. ટ્રેનિંગ દરેક ક્ષેત્રમાં હોય છે. પણ ગૃહિણી માટેની ટ્રેનિંગ સમાજમાં કોઈ આપી શકતુ નથી. પરિવારમાં ગૃહિણી ખૂબ અગત્યનું સ્થાન ધરાવે છે. તો પરિવાર સાથે કેવી રીતે જીવનમાં આગળ વધવુ, પોતાનું મનોબળ અને આત્મવિશ્વાસ વધારવા સહિતની જીવનશૈલી આ તાલીમમાં શીખવા મળ્યું છે. પૂરતી ફેસિલીટી મળવા છતાં જીવનને કરકસરપૂર્વક પણ જીવી શકાય છે. ટીમવર્ક, ટાઈમ મેનેજમેન્ટ અહીંયાથી મને શીખવા મળ્યુ. સ્વાસ્થ્ય માટે પ્રાણાયામ જરૂરી છે તેનું મહત્વ અહીંયાથી શીખવા મળ્યુ. સેલ્ફ ડિફેન્સની તાલીમ મળી. હું દિકરીઓને અને તેમના પેરેન્ટ્સને કહેવા માંગીશ કે પોતાની દિકરીઓને જરૂરથી આ શિબિરમાં મોકલે.’’

**- પ્રાર્થના શૈલેષભાઈ પટેલ (દેઉસણાગામ)**



‘‘આ તાલીમથી મને આત્મવિશ્વાસ આવ્યો છે. જીવનમાં કોઈપણ સંજોગોમાં કોઈ ખોટું પગલું નહી ભરીયે અને મુશ્કેલીઓનો સામનો કરીશ. જો મેં આ શિબિર ન ભરી હોત તો મને આ બધું શિખવા ન મળ્યુ હોત. દરેક સમાજમાં આવા આયોજનો કરવા જોઈએ.’’

**- પટેલ જીમ્મી (નારદીપુર)**



‘‘હું આ તાલીમ શિબિરમાં જોડાવા નહોતી માંગતી કારણ કે હું મારા પેરેન્ટસથી દૂર કોઈ દિવસ રહી જ નથી. મારૂ મન ના કહેતું હતું પરંતુ પેરેન્ટસના કહેવાથી હું અહીંયા આવી અને અહીના વાતાવરણમાં ભળી પણ ગઈ. મને આ શિબિરમાં એટલું બધું ગમી ગયું છે કે હવે પાછુ ઘરે જવાનુ મન નથી થતુ. મેં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો છે. અહીંયા એક તજજ્ઞ દ્વારા શીખવામાં આવ્યું છે કે દરરોજ માતા-પિતાને પગે લાગવુ, ‘I can do in any setuation’ એ હું શીખી. હું આ શિબિરમાં પેરેન્ટસને કહેવા માંગુ છુ કે આ શિબિરમાં દિકરીઓને જરૂરથી મોકલો.’’

**- હેપ્પી પ્રકાશભાઈ પટેલ (જાસલપુર)**

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ જયંતિલાલ શંકરદાસ ઉ.વ.-૮૧, રાંધેજા
- સ્વ. રબારી અરખાબેન અરજણભાઈ ઉ.વ.-૮૫, પાલજ
- પટેલ કાન્તિભાઈ કચરાભાઈ, ઉ.વ.-૭૭, પેથાપુર
- વૈષ્ણવ વશિષ્ઠ ઉદયભાઈ, ગાંધીનગર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧